# ગાંધીધામ પધારેલા શિપિંગ સેક્રેટરી પાસે ગાંધીધામ ધારાસભ્યશ્રી ની વિવિધ મુદ્દે રજૂઆત.

કમલમ્ ન્યુઝ,

કેન્દ્રીય શિપિંગ સચિવશ્રી સુધાંશ પંતની દિન દયાલ પોર્ટ ઓથોરીટીની બે દિવસીય મુલાકાત અંતર્ગત તેઓશ્રી તા.૧૨.૦૫.૨૦૨૩ ના ગાંધીધામ આવી પહોંચ્યા હતા. ગાંધીધામ ના ધારાસભ્ય શ્રીમતી માલતીબેન મહેશ્વરી એ તા.૧૨.૦૫.૨૦૨૩ ના ગાંધીધામ કંડલા સંકુલને લગતા કેટલાક પ્રશ્નોની રજૂઆત માટે કેન્દ્રીય શીપીંગ સચિવ સાથે મુલાકાત લીધી હતી. તેમણે ગાંધીધામ સંકુલને લગતા પ્રશ્નોની રજૂઆત સાથે તેનો સકારાત્મક નિર્ણય લેવા શીપીંગ સચિવશ્રીને વિનંતી કરી હતી. સાથે સાથે દિનદયાલ પોર્ટ તરફથી મળેલ સહકાર બદલ પોર્ટ ઓથોરીટી નો આભાર પણ માન્યો હતો. ધારાસભ્યશ્રીએ કરેલી રજૂઆતમાં (૧) ગાંધીધામ બસ સ્ટેશન માટે લીઝ પર આપવામાં આવેલ જમીનની લીઝનો સમય પૂર્ણ થઈ ગયેલ છે. બસ સ્ટેશનના બાંધકામ માટે જમીનનો પ્રશ્ન આડે આવતો હોવાથી બસ સ્ટેન્ડ માટેની જમીન ફરીથી જૂની શરતો પ્રમાણે રાજ્ય સરકારને લીઝ પર આપવા રજૂઆત કરી હતી.



૧. ગાંધીધામ શહેરની અંદાજીત વસ્તી પાંચ લાખથી વધારે થવા જાય છે. ગાંધીધામ ની તમામ જમીન દિન દયાળ પોર્ટ ઓથોરીટી કે એસ.આર.સી હસ્તક હોવાથી "હિન્દુ શમશાન ભુમી" માટે જમીન ફાળવવી ખુબજ જરૂરી છે. ગાંધીધામ અને આજુબાજુના વિસ્તારની વસ્તી દરરોજ વધતી જતી હોવાથી શમશાન ભુમીનો પ્રશ્ન વિકટ બનતો જાય છે. હિન્દુ વિધિ પ્રમાણે અંતિમ ક્રિયા કરવા માટે ગાંધીધામ શહેરની આસપાસ નજીકમાં શમશાન ભુમી માટે જમીન ફાળવવા રજૂઆત કરી હતી.

૨. ગાંધીધામ તાલુકાનાં રાજ્ય સરકારની તમામ કચેરીઓ ગાંધીધામ ખાતે આવેલી છે તેમાની કેટલીક કચેરીઓના મકાન જર્જરીત થઈ ગયા છે તથા કેટલીક નવી કચેરીઓ માટે નવા મકાનની જરૂર હોવાથી અને જનતાને એકજ જગ્યાએ અથવા નજીકમાં તમામ કચેરીઓની સગવડ મળી રહે તે માટે જમીન ફાળવવા માંગણી કરી હતી.

૩. ગાંધીધામ નગરપાલિકા (અ વર્ગનો દરજજો) ગાંધીધામ-આદીપુર વિસ્તારમાં દરેક ઘરથી ઘન-લીલો-સુકો કચરો એકઠો કરે છે આ એકઠો કરેલ કચરાને સંગ્રહ માટે ગાંધીધામ કે તુણાં પોર્ટ પાસે જમીન ફાળવવામાં જેથી કરીને એકજ જગ્યાએ સંગૃહિત કચરાને જરૂરી પ્રક્રિયા સાથે કચરાનો નિકાલ થઈ શકે. આ માટે જમીન ફાળવવા વિનંતી છે.

૪. દીન દયાળ પોર્ટ ઓથોરીટી સામાજીક જવાબદારી હેઠળ ગાંધીધામ-કંડલા સંકૂલ માટે ઝજીઈ હેઠળ વધુને વધુ ફંડની ફાળવણી કરીને સંકૂલનાં આંતરિક રસ્તા તથા અન્ય સેવાકીય માળખાની સુવિધામાં વધારો કરવાની જવાબદારી નિભાવે જેથી સ્થાનિક લોકોની સુવિધામાં વધારો થાય.

ધારાસભ્યશ્રીએ કેન્દ્રીય શીપીંગ સચિવ સાથે પાઠવેલ આવેદન માટે બેઠક દરમ્યાન ચર્ચા કરીને આ રજુઆતો પર પ્રકાશ પાડ્યો હતો તથા સકારાત્મક અભિગમ સાથે લોકહિતમાં નિર્ણયો લેવા ભાવપૂર્વક રજુઆત કરી હતી. સચિવશ્રીએ આ બાબતે યોગ્ય કરવા ખાત્રી આપી હતી.

# વડોદરા જિલ્લાના ૯૦ ઉમેદવારોને વિનામૂલ્યે આર્મી (અગ્નિવીર) અને સંરક્ષણ ક્ષેત્રે ભરતી માટે નિવાસી તાલીમ આપશે



કમલમ્ ન્યુઝ,

ઉમેદવારોએ અનુબંધમ પોર્ટલ પર રજિસ્ટ્રેશન કરીને તાલીમ માટે તા ૨૦મી મે સુધી મદદનીશ નિયામક (રોજગાર)ની કચેરી, આઈ.ટી.આઈ કેમ્પસ તરસાલીનો રૂબરૂ સંપર્ક કરી અરજી કરવાની રહેશે વડોદરા, તા.૧૩ મે, ૨૦૨૩ શનિવાર ( વિ.સં.૨૦૭૯ વૈશાખ વદ ૦૮ ) આર્મી રીક્રુટમેન્ટ ઓફીસ અમદાવાદ દ્વારા દર વર્ષે અગ્નિવીરની ભરતી રેલી યોજવામા આવે છે. નવા ભરતી પ્રક્રિયા નિયમો મુજબ આર્મી (અગ્નિવીર ) તરીકે પ્રથમ ઓનલાઈન કોમ્પ્યુટર બેઝ લેખીત પરીક્ષા યોજવામા આવે છે,ત્યાર બાદ ફીઝકલ ગ્રાઉન્ડની પરીક્ષા લેવામાં આવે છે. મેડીકલ અને ડોકયુમેન્ટ વેરીફીકેશન બાદ ફાઈનલ સીલેકશન કરવામાં આવે છે આ ભરતીમાં વડોદરા શહેર જિલ્લાના ઉમેદવારો સફળ પરિણામ લાવી શકે તે માટે મદદનીશ નિયામક (રોજગાર)કચેરી, આઈ.ટી.આઈ કેમ્પસ, તરસાલી,વડોદરા દ્વારા ૯૦ ઉમેદવારોને ૨૪૦ કલાકની ૩૦ દિવસની વિનામૂલ્યે શારીરીક અને બૌધ્ધિક કસોટી માટે નિવાસી તાલીમ વર્ગ યોજાનાર છે. આ તાલીમમાં જોડાવા માટે ધો. ૧૦ મા ૪૫% થી વધુ હોય તેમજ ૧૭.૫ થી ૨૦ વર્ષની ઉંમર,૧૬૮ સે.મી થી વધુ ઉંચાઈ અને ૫૦ કિ.ગ્રામ વજન, ૭૭ સે.મી થી વધુ છાતી ધરાવતા અપરણિત પુરુષ ઉમેદવારોએ અનુબંધમ પોર્ટલ પર રજિસ્ટ્રેશન કરીને તાલીમ માટે તા ૨૦.૫.૨૦૨૩ સુધી મદદનીશ નિયામક (રોજગાર)ની કચેરી, આઈ.ટી.આઈ કેમ્પસ તરસાલી, વડોદરાને રૂબરૂ સંપર્ક કરી નિયત નમુનામા અરજી કરવા રોજગાર અધિકારી, વડોદરાની યાદીમાં જણાવાયું છે.

# મુમદપુરા જંક્શન ખાતે રૂ.૬૦.૯૧ કરોડના ખર્ચે થ્રી લેયર જંક્શન ડેવલોપમેન્ટનું આયોજન

## થ્રી લેયર જંક્શન ડેવલોપમેન્ટના ભાગરૂપે બનાવવામાં આવેલ ફ્લાય ઓવર બ્રિજ પ્રજાજનો માટે ખુલ્લો મુકવામાં આવ્યો






## સરદાર પટેલ રિંગ રોડ પર મુમદપુરા જંક્શન ખાતે અવારનવાર સર્જાતી ટ્રાફિકજામની સમસ્યામાંથી પ્રજાજનોને મળશે છુટકારો

કમલમ્ ન્યુઝ,

ગુજરાતના એક દિવસીય પ્રવાસે પધારેલા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે આજે ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતેથી અનેકવિધ વિકાસ કાર્યોનું ઈ-લોકાર્પણ અને ખાતમુહૂર્ત યોજાયું હતું.

રાજ્યભરમાં અનેક વિકાસ કાર્યોની હેલી વરસાવતા આ કાર્યક્રમ અંતર્ગત અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળ (ઔડા) દ્વારા ? ૬૦.૯૧ કરોડના ખર્ચે સરદાર પટેલ રીંગરોડ પર મુમદપુરા જંકશન ખાતે થ્રી લેયર જંકશન ડેવલોપમેન્ટના ભાગરૂપે બનાવવામાં આવેલા ફલાય ઓવર બ્રીજનું પણ લોકાર્પણ કરવામાં આવ્યું હતું. અમદાવાદ શહેર ફરતે આવેલ સરદાર પટેલ રીંગ રોડ અમદાવાદના વિકાસનું અગત્યનું અંગ છે.

અમદાવાદ શહેરના પેરી-અર્બન ડેવલપમેન્ટ અંતર્ગત બોપલ, ઘુમા, શેલા સહિતના વિસ્તારોનો વિકાસ પણ મોટાભાગે રીંગ રોડને આભારી છે.

સૌરાષ્ટ્ર તથા કચ્છ તરફથી ઉત્તર ગુજરાત તરફના વાહનવ્યવહાર તેમજ સ્થાનિક વાહનવ્યવહારને કારણે સરદાર પટેલ રીંગ રોડ પર પશ્ચિમ વિસ્તારના મુમદપુરા જંકશન ખાતે અવાર-નવાર ટ્રાફિક જામની સમસ્યા સર્જાતી હતી, જેના લીધે પ્રજાજનોના સમય અને ઈંધણનો વ્યય થવાની સાથોસાથ પર્યાવરણને પણ ઘણું નુકશાન પહોંચતુ હતું. આ તમામ સમસ્યાના નિવારણરૂપે ઔડા દ્વારા મુમદપુરા જંકશન ખાતે રૂ.૬૦.૯૧ કરોડના ખર્ચે થ્રી લેયર જંકશન ડેવલોપમેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. જે અંતર્ગત સરદાર પટેલ રીંગ રોડ ઉપર ફલાય ઓવરની કામગીરી, વી.આઈ.પી.રોડ ઉપર અન્ડરપાસની કામગીરી તથા ગ્રાઉન્ડ લેવલ ઉપર રોટરી બનાવાનું આયોજન કરવામાં આવ્યું છે. આ કામગીરીના ભાગરૂપે મુમદપુરા જંકશન ખાતે ફલાય ઓવર બ્રીજની કામગીરી પૂર્ણ કરવામાં આવી હતી. આજરોજ માનનીય વડાપ્રધાનશ્રી દ્વારા વર્ચ્યુઅલ માધ્યમથી લોકાર્પણ કરીને આ ફલાય ઓવરને પ્રજાજનો માટે ખુલ્લો મુકવામાં આવ્યો હતો.

# વૃંદાવનથી બ્રહ્મચારી સંદીપદાસનંદજી પરમહંસ વિશ્વાનંદ આશ્રમ ગિરિધર ધામ થી વિહળધામ પાળીયાદ જગ્યાની મુલાકાતે આવેલ.

## જર્મનીથી સ્વામી અનિરૂધ્ધાનંદજી ગુરૂશ્રી પરમહંસ વિશ્વાનંદજી ભક્તિ માર્ગ આશ્રમ અને વૃંદાવનથી બ્રહ્મચારી સંદીપદાસનંદજી પરમહંસ વિશ્વાનંદ આશ્રમ ગિરિધર ધામ થી વિહળધામ પાળીયાદ જગ્યાની મુલાકાતે આવેલ.

કમલમ્ ન્યુઝ,

વિશ્વપ્રસિધ્ધ પરમ પૂજય શ્રી વિસામણબાપુની જગ્યા પાળિયાદ માંજર્મનીથીસ્વામીઅનિરૂધ્ધાનંદજી ગુરૂશ્રી પરમહંસ વિશ્વાનંદજી ભકિત માર્ગ આશ્રમ અને વૃંદાવનથીબ્રહ્મચારીસંદીપદાસનંદજી પરમહંસ વિશ્વાનંદ આશ્રમ ગિરિધર ધામ થી તા. ૧૩/૦૫/ ૨૦૨૩ ને શનિવારનાં રોજ જગ્યાની મુલાકાત બદલ આવેલ જયાં તેમણે રામદરબાર અને બધાજ સમાધિ મંદિરનાં દર્શન કર્યા.પ.પૂ.શ્રીશ્રી૧૦૦૮મહામંડલેશ્વર નિર્મળાબા અને પૂ. શ્રી ભયલુબાપુ નાં દર્શન કર્યા,પૂ.બાળઠાકરશ્રી પૃથ્વીરાજબાપુને રમાડીયા. પૂ. બાશ્રી અને પૂ. બાપુ સાથે વાત કરતાં તેમણે કહ્યું કે જગ્યા ની વ્યવસ્થા અને સ્વચ્છતાથી ખૂબજ પ્રભાવિત થયા અને પોતે ભાવવ્યક્ત કર્યો કે જર્મની આશ્રમ ખાતે ભારતની અનેક સંસ્થાનાં ગાદીપતિઓની પ્રસાદીની વસ્તુઓ છે તો અમારે પરમ પૂજય શ્રી વિસામણબાપુ ની પ્રસાદીની વસ્તુ પણ જર્મની આશ્રમ ખાતે લઈ જવા ભાવવ્યક્ત કર્યો. ગુજરાતમાં આવ્યા બાદ આ જગ્યામાં એમણે પહેલીવાર પ્રસાદ લઈ કહ્યું કે આ જગ્યાનો પ્રસાદ ખૂબ જ સાત્વિક અને સ્વાદિષ્ટ છે એવો આનંદ વ્યક્ત કર્યો.







# માણસા તાલુકામાં ૧૦૧૫ લાભાર્થીઓએ ગૃહપ્રવેશ કર્યો: માણસા ધારાસભ્યશ્રી જે.એસ. પટેલ

## માણસા નગરપાલિકા વિસ્તારમાં પ્રધાનમંત્રી આવાસ યેજના હેઠળ કુલ ૧૦૧૫ લાભાર્થીઓને લાભ આપવામાં આવેલ છે. જે પૈકી કુલ- ૬૫૭ લાભાર્થીઓએ પોતાના આવાસ પૂર્ણ કરેલ છે.









પાકું ઘર ખરીદવું ખૂબ મુશ્કેલ હતું પરંતુ પ્રધાનમંત્રી આવાસ યોજનાથી આજે મને પોતાનું ઘર મળ્યું છે: લાભાર્થી

કમલમ્ ન્યુઝ,

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે ગાંધીનગરનાં મહાત્મા મંદિર ખાતેથી રાજ્યભરમાં પ્રધાનમંત્રી આવાસ યોજનાના વિવિધ લાભાર્થીઓનો ગૃહપ્રવેશ માટે અમૃત આવાસોત્સવ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમ અંતર્ગત, માણસા તાલુકામાં ૧૦૧૫ લાભાર્થીઓ અને ગ્રામજનોએ વન વે કનેક્ટિવિટથી જોડાઈ કાર્યક્રમને લાઈવ નિહાળ્યો હતો. માણસા તાલુકામાં ગૃહપ્રવેશ મેળવનાર તમામ લાભાર્થીઓને શુભેચ્છા પાઠવતા જણાવ્યું હતું કે કોઈ પણ પરિવાર માટે પોતાની માલિકીનું ઘર હોવું એ સપનું હોય છે જે આજે કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારના પ્રયત્નોથી અનેક પરિવારોનું સપનું પૂર્ણ થઈ રહ્યું છે . આ પ્રસંગે લાભાર્થી હર્ષની લાગણી સાથે જણાવ્યું કે પાકું ઘર બનાવવુ ખૂબ મુશ્કેલ હતું પરંતુ પ્રધાનમંત્રી આવાસ યોજનાની મદદથી આજે મને પોતાનું ઘર મળ્યું છે જે બદલ હું સરકારશ્રીનો હૃદયપૂર્વક આભાર માનું છું. માણસા તાલુકામાં અમૃત આવાસોત્સવ કાર્યક્રમનું જીવંત પ્રસારણ લાઈવ નિહાળવા સાથે સાથે લાભાર્થીઓના ગૃહપ્રવેશની ઉજવણી કરવામાં આવી હતી.

# શિક્ષણ જગતમાં અધિવેશનના પરિણામે શિક્ષણ ક્ષેત્રે રહેલી ત્રુટીઓ દૂર થતા આમોલ પરિવર્તન આવશે: શિક્ષણ રાજ્ય મંત્રી શ્રી પ્રફુલ્લભાઈ પાનસેરીયા

## ગાંધીનગરના વલાદ ખાતે અખિલ ભારતીય પ્રાથમિક શિક્ષણ સંઘના ૨૯માં વાર્ષિક અધિવેશનનો સમાપન સમારોહ યોજાયો:પ્રખર કથાકાર મોરારી બાપુની પ્રેરક ઉપસ્થિતિ





કમલમ્ ન્યુઝ,

ગાંધીનગરના વલાદ ખાતે તાજેતરમાં જ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ અખિલ ભારતીય શિક્ષણ સંઘના ૨૯માં વાર્ષિક અધિવેશનનો શુભારંભ કરાવ્યો હતો. "ભારત મે પરિવર્તનકારી શિક્ષણ કે કેન્દ્ર મે શિક્ષક" વિષય પર યોજાયેલા આ અધિવેશનનો સમાપન સમારોહ શિક્ષણ રાજ્ય મંત્રી શ્રી પ્રફુલ્લભાઈ પાનસેરીયા તેમજ પ્રખર કથાકાર મોરારી બાપુની પ્રેરક ઉપસ્થિતિમાં યોજાયો હતો. "શિક્ષક કોઈ દિવસ સાધારણ ન હોઈ શકે" તેમ કહેતા શિક્ષણ રાજ્ય મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, કોઈપણ સમાજના ઉત્થાન માટે શિક્ષક અને શિક્ષણનું મહત્વ ખૂબ જ વધારે હોય છે. એક શિક્ષક પ્રાથમિક શાળાના બાળકોના મગજમાં શિક્ષારૂપી જે બીજ રોપે છે તે બીજ ભવિષ્યમાં વટવૃક્ષ બને છે.એક શિક્ષકના હાથમાં જ માનવમૂલ્ય અને વ્યક્તિનો વિકાસ થતો હોવાથી સમાજની સૌથી મોટી એવી રાષ્ટ્રનિર્માણની જવાબદારી પણ શિક્ષકોની છે. મંત્રી શ્રી પાનસેરીયાએ વધુમાં ઉમેર્યું હતું કે, શિક્ષણને મજબૂત કરવા શિક્ષકોની ભૂમિકા સૌથી અગત્યની હોય છે એટલે જ શિક્ષકો અને શાળાના પ્રશ્નો માટે ગુજરાતનો શિક્ષણ વિભાગ હરહંમેશ સક્રિય થઈ કામ કરી રહ્યો છે. આ બે દિવસીય રાષ્ટ્રીય અધિવેશન શિક્ષણ જગતનું સૌથી મહત્વપૂર્ણ અધિવેશન પૂરવાર થશે. આ બે દિવસ દરમિયાન અધિવેશનમાં થયેલા ચિંતન-મનનના પરિણામે શિક્ષણ જગતમાં રહેલી ત્રુટીઓ દૂર થતા શિક્ષણ ક્ષેત્રે આમોલ પરિવર્તન આવશે. વધુમાં, દેશ સહિત ગુજરાતના શિક્ષણ સ્તરને વધુમાં વધુ ઊંચાઈ સુધી લઈ જવા મંત્રીશ્રીએ ઉપસ્થિત સૌ શિક્ષકોને અનુરોધ કર્યો હતો. આ પ્રસંગે ઉપસ્થિત તમામ પ્રતિનિધિઓ અને સદસ્યોને મોરારી બાપુએ આશીર્વચન આપ્યા હતા. જયારે અખિલ ભારતીય પ્રાથમિક શિક્ષક સંઘના ઉપપ્રમુખ ડો. રામચંદ્ર ડબાસે સ્વાગત પ્રવચન કર્યું હતું. આ પ્રસંગે અખિલ ભારતીય પ્રાથમિક સંઘના પ્રમુખ શ્રી રામપાલસિંઘ, ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ શ્રી દિગ્વિજય સિંહ,એજયુકેશન ઈન્ટરનેશનલ સંસ્થાના જનરલ સેકરેટરી શ્રી ડેવિડ એડવર્ડ તથા એશિયા પેસિફિકના ચીફ કો.ઓર્ડીનેટર શ્રીઆનંદ સિંઘ, અખિલ ભારતીય પ્રાથમિક શિક્ષણ સંઘના મહામંત્રી શ્રી કમલાકાન્ત ત્રિપાઠી, ભારતીય પ્રાથમિક શિક્ષક સંઘના મહામંત્રીશ્રી, રાજય પ્રાથમિક શિક્ષણ સંઘના મહામંત્રીશ્રી સહિત દેશના વિવિધ રાજયોમાંથી પધારેલા શૈક્ષણિક સંઘના પ્રતિનિધિઓ અને સદસ્યો ઉપસ્થિત રહ્યા હતા.

•Printer/Publisher/Owner &Editor: Mahesh N.Patel. •Printed At:-CaptialOffset 801/1, G.i.d.c.,Sector-28 Gandhinagar,Gujarat-382028 •Published -At A-3,Plot No R-13, TanishqComplex, NewGreencity, Sector-26, Gandhinagar(Gujarat) 382028